અમદાવાદ(ગ્રામ્ય)ના મે.એડીશનલ જ્યુડી.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ.નવરંગપુરા, અમદાવાદ.

C.C.NO.9880/2024

ફરીયાદી : શ્રી સરકાર

// વિરુધ્ધ//

આરોપીઓ : ૧) નિકુલ વિનોદભાઈ ઠાકોર ૨) સુમીત વિનુભાઈ પટેલ
૩) ભાવેશકુમાર રમેશભાઈ પટેલ

ગુન્હો : ધી જુગાર ધારાની કલમ-12 મુજબ

: ચુકાદો :

૧. આરોપીઓ વિરુધ્ધ એવો આરોપ છે કે, આ કામના આરોપી જુગાર ધારા કલમ-12 નો ગુનો કરવા બદલ પોલીસ અટક કરી હાલનું ચાર્જશીટ કરેલ છે.

૨. આ કામના આરોપીઓ કોર્ટમાં હાજર થતા ફરિયાદપક્ષના પુરાવાની નકલો આપેલ છે. આરોપીઓએ આંક : .... થી ગુનાની કબુલાત પુરસીસ અને આંક : ૫ થી મુદ્દામાલ અંગેની નો-કલેઈમ પુરસીસ આપેલ છે. આરોપીઓ નુ આંક : .... થી .... પ્લી લેતા ગુનાની કબુલાતની પુરસીસને વળગી રહે છે. આરોપીને સ્વૈચ્છિક ગુના કબુલાત ધ્યાને લઈ ઉપરોક્ત ગુના અંગે તકસીર વાન ઠરાવુ છું.

૩. આરોપીઓ ને સજા અંગે સાંભળ્યા. આરોપીઓની ગુના કબુલાતની પુરસીસ તથા ગુનાના સંજોગો ધ્યાને લીધા. **નામદાર ગુજરાત વડી અદાલતના "રાજ્ય વિરુધ્દ નટવર હરચંદજી ઠાકોર" (૨૦૦૫(૧)ગુ.લો.રીપોર્ટર પાનું ૭૦૯**નો ચુકાદો ધ્યાને લીધો. આરોપીઓની ગુના કબુલાત પુરસીસ તથા ગુનાના સંજોગો ધ્યાને લેતા આરોપીને કાયદાનુસારની ન્યુનત્તમ કે મહત્તમ સજાના કરવાની પણ ન્યાયનું હિત જળવાઈ રહેશે તેમ જણાતું હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવેલ છે.

//હુકમ//

ફોજદારી કાર્યવાહી અધિનિયમની કલમ-૨૫૨ નીચે આરોપીઓને મુંબઈ જુગારધારા કલમ-12 નીચે શિક્ષાપાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવી **આરોપી દિઠ રૂ.૧૦૦/- એમ મળી કુલ રૂ. ૩૦૦/- (અંકે રુપીયા ત્રણસો પુરા) દંડ,** અને જો દંડ ના ભરે તો આરોપીઓને દિન-2 ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે ઉપરોકત જણાવેલ આરોપીઓ આજરોજ ગુન્હો કબુલ કરતા હોય, તેઓ વિરુધ્ધનો કેસ આજરોજ ફેંસલ કરવામા આવે છે.

આરોપી/આરોપીઓએ મુદ્દામાલ નાંણા માટે નો-કલેઈમ પુરસીસ આપેલ છે. જેથી, મુદ્દામાલ નાંણા સરકાર ખાતે જમા કરાવવાનો તથા અન્ય મુદ્દામાલ અન્વયે વચગાળાનો હુકમ યથાવત રાખવાનો તથા મુદામાલ ગંજી પાનાનો નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૦૯ મી, માહે, ડિસેમ્બર , સને, ૨૦૨૩ રોજ સ્પેશીયલ સીટીંગ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૨ / ૦૬ /૨૦૨૪
સ્થળ:અમદાવાદ.

(હર્ષદકુમાર રમણભાઈ પટેલ)
એડી.સીવીલ જજ અને જ્યુ.મેજી.ફ.ક.,
અમદાવાદ (ગ્રામ્ય), નવરંગપુરા
જજ કોડ : જીજે૧૨૦૯૭